જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૯૨ લીટર દેશી દારૂ, ૩૫૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ, ૦૨ સ્કુટર, ૧ ઈકો ગાડી અને ૧ બોલેરો પીક અપ ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૨,૯૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૨૩/૧૮**

**વસ્ત્રાપુરઃ** ચંચળબ્હેન પ્રકાશચંદ શાહ (ઉ.વ.૬૦)(રહે,પ્રકાશ સોસાયટી, સનરાઇઝ પાર્કની સામે ડ્રાઇવ ઇન રોડ વસ્ત્રાપુર) તા.૦૩/૦૧/૧૮ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર પ્રકાશ સોસાયટીની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ચંચળબ્હેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચંચળબ્હેન શાહે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**વાહન ચોરી :- સમાચાર યાદી નં.૨૪/૧૮**

**ઓઢવઃ** સુશીલાબ્હેન જીવણભા ખટીક (રહે,ગુલાબનગર સુખરામપુરા પોસ્ટ ઓફિસ સામે નાગરવેલ હનુમાન પાસે બજરંગનગરના છાપરા અમરાઇવાડી) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૧૮ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ, તક્ષશીલા સ્કુલ સામે, સીલ્વર સીટી ઓમ શાંતિ સોસાયટી રોડ ઉપર પાર્ક કરેલ પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે.૦૧.ઇ.ટી.૨૫૮૪ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**નિકોલઃ** સુનીલકુમાર ભુપેન્દ્રભાઇ આહીર (રહે,લક્ષ્મીનારાયણ સોસાયટી, હીરાવાડી બજરંગ આશ્રમની પાછળ કૃષ્ણનગર) એ તા.૦૨/૦૧/૨૦૧૮ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે નિકોલ જયસંતોષીનગરના છાપરા શ્રીહરી કોમ્પ્લેક્ષની બાજુમા દિપુ મટન ચીકન શોપની નજીક પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર. જીજે.૦૧.ડી.એક્સ.૩૯૨૪ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩/૧/૧૮ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સુનીલકુમાર આહીરે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫/૧૮</u>**

**સરદારનગરઃ** અનુષ્કાબહેન રમેશભાઇ મારવાડી (રહે,સંતોષીનગરના છાપરાં કુબેરનગર સરદારનગર) તા.૧૮/૧૨/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચા બનાવતી વખતે પ્રાઇમસ ફાટતા ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમા દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૧/૧૮ રાતના ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૬/૧૮</u>**

**કૃષ્ણનગરઃ** વિધ્યાબહેન ઉર્ફે સીતા વા/ઓ મનોજભાઇ રાવલ (ઉ.વ.૨૫)(રહે,વસંતનગરના છાપરાં, ચમક ચુનાની પાછળ ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૧૮ બપોરના ૩/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇને આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.પો.કમિ શ્રી “જી” ડીવીઝન નાઓ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.